## PANCHAYATS, RURAL HOUSING AND RURAL DEVELOPMENT DEPARTMENT

### Notification

Sachivalaya, Gandhinagar, 6th January, 1999.

GUJARAT PANCHAYATS ACT, 1993.

No. KP/6/99/PRR/1197/1530/9-182/D.—In exercise of the powers conferred by section 227 read with section 274 of the Gujarat Panchayats Act, 1993 (Guj. 18 of 1993) and in supersession of all the rules made in this behalf, the Government of Gujarat hereby makes the following rules to provide for regulating recruitment to the post of Surveyor, Class III, (Panchayat Service), namely:—

1. These rules may be called the Surveyor, Class III, (Panchayat Service) Recuritment Rules, 1999.

2. Appointment to the post of Surveyor, Class-III (Panchayat Service) shall be made by direct selection.

3. To be eligible for appointment by direct slection to the post mentioned in rule 2, a candidate shall—

(a) not be less than 18 years and not more than 28 years of age;

(b) have passed Secondary School Certificate Examination or possess an equivalent qualification.

(c) have passed the 18 months, Surveyor's Course from the Industrial Training Institute recognised by the Government,

(d) have adequate knowledge of Gujarati and Hindi.

4. A candidate appointed by direct selection shall be on probation for a period of one year.

5. A candidate appointed by direct selection shall be required to undergo such training for such period and pass such post-training examination as may be prescribed by the Government.

6. A candidate appointed by direct selection shall be required to pass the departmental examination and an examination in Gujarati or Hindi or both as may be prescribed by the Government.

7. A candidate appointed by direct selection shall be required to furnish security and surety bond for such amount, in such form and for such period as may be prsescribed by the Government.

By order and in the name of the Governor of Gujarat,

R. N. NINAMA,
Under Secretary to Government.

## પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ.

### જાહેરનામું

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૬ઠી જાન્યુઆરી, ૧૯૯૯

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંક : કેપી/૬/૯૯/પીઆરઆર/૧૧૯૭/૧૫૩૦/૯-૧૮૨/ડી. –ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮માં)ની કલમ ૨૭૪ સાથે વાંચતા, કલમ ૨૨૭ થી મળેલી સત્તાની રુએ, અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાત સરકાર, આથી સર્વેયર વર્ગ-૩, (પંચાયત સેવા)ની જગા ઉપરની ભરતીનું નિયમન કરવા માટે જોગવાઈ કરવા માટે નીચેના નિયમો કરે છે :–

Scanned by CamScanner

૧. આ નિયમો, સર્વેયર, વર્ગ--૩, (પંચાયત સેવા) ભરતી નિયમો, ૧૯૯૯ કહેવાશે.

૨. સર્વેયર, વર્ગ--૩, (પંચાયત સેવા)ની જગા ઉપરની નિમણૂક સીધી પસંદગીથી કરવી જોઈશે.

૩. નિયમ ૨માં જણાવેલ જગા ઉપર સીધી પસંદગીથી નિમણૂકને પાત્ર થવા માટે, ઉમેદવાર--

(ક) ૧૮ વર્ષથી ઓછી અને ૨૮ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઈએ નહિ.

(ખ) માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા પાસ કરેલી હોવી જોઈએ અથવા તેની સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઈએ.

(ગ) સરકાર માન્ય ઔદ્યોગિક તાલીમ સંસ્થામાંથી ૧૮ મહિનાનો સર્વેયરનો કોર્સ પાસ કરેલ હોવો જોઈએ.

(ઘ) ગુજરાતી અને હિન્દી ભાષાનું પુરતું જ્ઞાન ધરાવતો હોવો જોઈએ.

૪. સીધી પસંદગીથી નીમાયેલ ઉમેદવારે એક વર્ષની મુદત સુધી અજમાયશ ઉપર રહેવું પડશે.

૫. સીધી પસંદગીથી નીમાયેલ ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી તાલીમ, ઠરાવે તેટલી મુદત માટે લેવી પડશે અને આવી તાલીમ પછીની પરીક્ષા પાસ કરવી પડશે.

૬. સીધી પસંદગીથી નીમાયેલ ઉમેદવારે સરકાર ઠરાવે તેવી ખાતાકીય પરીક્ષા અને ગુજરાતી અથવા હિન્દી અથવા તે બંને પરીક્ષા પાસ કરવી પડશે.

૭. સીધી પસંદગીથી નીમાયેલ ઉમેદવારે સરકાર ઠરાવે તેટલી રકમનું તેવા નમુનામાં અને તેટલી મુદત માટે જામીન અને જામીનખત પુરું પાડવું જોઈશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

આર. એન. નિનામા,
સરકારના ઉપ સચિવ.

---

Scanned by CamScanner